આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદમાં દાતાશ્રીઓના ''**ગોલ્ડ મેડલ/ગોલ્ડ પ્લેટેડ સીલ્વર મેડલ/કેશ પ્રાઈઝ**'' ના દાનની રકમનું ધોરણ નકકી કરવા બાબત..

**આણંદ કૃષિ યુનિવર્સિટી**
**આણંદ**

**વંચાણે લીધો:** તા.૧૫–૧૦–૨૦૧૫ ના રોજ આણંદ ખાતે મળેલ નિયામક મંડળની ૩૯મી બેઠકની કાર્યનોંધના મુદ્દા નં.૩૯.૧૯.

**–: જાહેરનામું :–**

આથી સંબંધકર્તા સર્વેને જાણ માટે જાહેર કરવામાં આવે છે કે, તા.૧૫–૧૦–૨૦૧૫ ના રોજ આણંદ ખાતે મળેલ નિયામક મંડળની ૩૯મી બેઠકની કાર્યનોંધના મુદ્દા નં.૩૯.૧૯ થી નીચે મુજબ ઠરાવવામાં આવેલ છે.

''આથી ઠરાવવામાં આવે છે કે, વિદ્યાપરિષદની ૪૦મી બેઠકના મુદ્દા નં.૪૦.૪ ની ભલામણ મુજબ આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદમાં **'ગોલ્ડ મેડલ'** (૧૦ ગ્રામ વજનનો અને ૧૨ કેરેટ) માટે દાતાશ્રી તરફથી લઘુત્તમ રૂા.૩,૫૦,૦૦૦/–નું અને **'ગોલ્ડ પ્લેટેડ સીલ્વર મેડલ'** (ચાંદી પર સોનાનો ઢોળ ચઢાવેલ) માટે રૂા.૧,૦૦,૦૦૦/– નું લઘુતમ દાન રાખવું. તેમજ ઉત્તરોઉત્તર સોના/ચાંદી અને મજુરીના ભાવ વધતાં હોવાથી આ દાનના વ્યાજમાંથી પાંચ વર્ષ સુધી **'ગોલ્ડ મેડલ'** અને **'ગોલ્ડ પ્લેટેડ સીલ્વર મેડલ'** એનાયત કરવામાં આવશે અને સોના/ચાંદી અને મજુરીના ભાવમાં ફેરફારને ધ્યાને લઈ દાતાશ્રીએ **'ગોલ્ડ મેડલ'** અને **'ગોલ્ડ પ્લેટેડ સીલ્વર મેડલ'** માટે વધારાની દાનની રકમ જે યુનિવર્સિટી નકકી કરે તે દાતાશ્રીએ આપવાની રહેશે. અન્યથા દાનની રકમ દાતાશ્રીને પરત ન કરતાં કેશ પ્રાઈઝમાં તબદીલ કરવી અને હવેથી કેશ પ્રાઈઝનું દાન ન સ્વીકારવાની દરખાસ્ત નિયામક મંડળ મંજુર કરે છે.''

જા.નં.આકૃયુ/વિક/દાતા દાન રકમ/૧૫૮૯–૧૬૧૪/૨૦૧૫
તા.૦૩–૧૧–૨૦૧૫

**(એસ.એચ.અકબરી)**
**નિયામક**
**વિદ્યાર્થી કલ્યાણ**

**નકલ સવિનય રવાના ::–**

૧. નિયામક મંડળના સર્વે સભ્યશ્રીઓ તરફ જાણ સારૂ.
૨. વિદ્યાપરિષદના સર્વે સભ્યશ્રીઓ તરફ જાણ સારૂ.
૩. યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ.
૪. તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ.

**નકલ રવાના :**

૧. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી,આણંદ
૨. કુલસચિવશ્રીના અંગત મદદનીશ, આણંદ કૃષિ યુનિવર્સિટી,આણંદ
૩. એકેડેમીક / બોર્ડ શાખા તરફ (કુલસચિવશ્રી, આકૃયુ, આણંદ) (વધારાની ૧૦ નકલો)
૪. પરીક્ષા શાખા (કુલસચિવશ્રી, આકૃયુ, આણંદ) તરફ (૫ નકલો)
૫. સિલેકટ ફાઈલ / જાહેરનામા ફાઈલ

– – – – – – – –